ડી એન્ડ એ

# ચેક રિટર્ન નીતિ

**અવકાશ:** ડીબીએસ બેંક ઈન્ડિયા લિમિટેડ (ડીબીઆઇએલ)

**જારીકર્તા:** સૌરભ મિત્તલ, હેડ- ઓપરેશન્સ, ડીબીઆઇએલ

તમામ હકો અનામત રાખવામાં આવ્યા છે.

આ દસ્તાવેજનો કોઇ ભાગ અધિકૃત્ત રિલિઝ વિના ડીબીએસ ગ્રુપની બહાર કોઇ પણ સ્વરૂપે પુનઃઉત્પાદિત થઈ ન શકે.

## 1 માર્ગદર્શક સિદ્ધાંત્તો

આરબીઆઇએ 26 જૂન, 2003ની તારીખના તેના પરિપત્ર ડીબીઓડી.બીસી.લેગ.નં. 113/09.12.001/2002-03 અને 12 મે, 2014ની તારીખના આરપીસીડી.સીઓ.આરઆરબી.બીસી.નં. 100/03.05.33/2013-14ના ફકરા 11.4(i)એ બેંકોને ચેક સુવિધાની સાથે ખાતાઓની કામગીરી માટેની એક શરત રજૂ કરવાની સલાહ આપી હતી કે નાણાકીય વર્ષ દરમિયાન ખાતામાં પૂરતા ભંડોળના અભાવમાં ચાર પ્રસંગો પર ડ્રોવરનાં વિશેષ ખાતા પર એક કરોડ અને તેથી વધુનાં મૂલ્યના ચેકનાં અનાદરની ઘટનામાં કોઇ નવી ચેક બુક જારી કરવામાં નહીં આવે. આ ઉપરાંત બેંક તેની મનસૂફી પર ચાલુ ખાતાને બંધ કરવાનું વિચારી શકે છે.

હવે આરબીઆઇ 04, ઓગસ્ટ, 2016ની તારીખના તેના પરિપત્ર નં. ડીબીઆર. નં. લેગ.બીસી. 3/09.07.005/2016-17માં ખાતાધારક દ્વારા ચેક્સનાં અનાદરનાં પગલે તેમના પ્રતિસાદને નિર્ધારિત કરવાની બાબત બેંકની પોતાની મનસૂફી પર છોડવામાં આવી છે.
આ અંગે ડીબીએસ બેંક ઈન્ડિયા લિમિટેડ (ડીબીઆઇએલ)એ નીચે પ્રમાણે ચેક રિટર્ન નીતિનો મુસદ્દો તૈયાર કર્યો છે.

## 2 નીતિ

**વારંવાર અનાદર થવાની ઘટનાનો સામનો કરવો**

i. ચેક બુક જારી કરતી વખતે ગ્રાહકને જાણ કરવામાં આવશે કે એ સુનિશ્ચિત કરવું તેમની જવાબદારી છે કે ચુકવણીની તેમની વચનબદ્ધત્તાનો આદર કરવા માટે ખાતામાં પર્યાપ્ત ભંડોળ જાળવી રાખવામાં આવે.

ii. પ્રવર્તમાન ખાતાઓની કામગીરીનાં સંબંધમાં નીચે (iv) ઉલ્લેખ કરેલી શરતની રજૂઆતના ઉદ્દેશ માટે બેંક ચેક બુક જારી કરતી વખતે નવી શરતોના ઘટકોની સલાહ આપતો એક પત્ર જારી કરી શકે છે. આનો ચેક બુકના પ્રથમ પાના પર અને ગ્રાહકને જારી કરેલી ચેક બુકની બિડેલી રિક્વિસાઇટ સ્લિપ પર પણ ઉલ્લેખ કરવામાં આવે છે.

iii. જો ચેકનો નાણાકીય વર્ષ દરમિયાન ડ્રોવરના વિશેષ ખાતા પર પાંચમી વખતે અનાદર થાય તો બેંક *સંબંધિત ઘટકને ઉપર જણાવેલી શરત પર તેમનું ધ્યાન આકર્ષિત કરવા માટે સાવધાન કરતી સલાહ જારી કરી શકે છે અને ચેક્સ જારી કરતા પહેલા ખાતામાં પૂરતું ભંડોળ જાળવી રાખવાની વિનંતી કરી શકે છે.*

iv. ગ્રાહકોમાં નાણાકીય શિસ્તનો અમલ કરવાની દૃષ્ટિ સાથે બેંક ચેક સુવિધાની સાથે ખાતાઓની કામગીરી માટેની એક શરત રજૂ કરવાની સલાહ આપશે કે નાણાકીય વર્ષ દરમિયાન ખાતામાં પૂરતા ભંડોળના અભાવમાં **છ પ્રસંગો પર** ડ્રોવરનાં વિશેષ ખાતા પર ડ્રો કરેલા ચેકનાં અનાદરની ઘટનામાં બેંક ગ્રાહકને ચેક બુક જારી કરવાની સુવિધા આપવાથી વંચિત રાખશે.

આ ઉપરાંત ખાતાની સમીક્ષા કરવામાં આવશે અને સાવધાનીથી દેખરેખ રાખવામાં આવશે. ઓપરેશન્સ ટીમ તમામ શાખાઓ માટે રિટર્ન ચેકના ડેટાની દેખરેખ કરશે અને સમાન ખાતામાં અપૂરતા ભંડોળને લીધે નાણાકીય વર્ષમાં રિટર્નની ઘટનાઓને આધારે ગ્રાહકને જોડેલા પરિશિષ્ટો અનુસાર પત્રો મેકલશે.

v. જો યોગ્ય લાગશે તો બેંક 15 દિવસની પર્યાપ્ત નોટિસ આપી શકે છે અને શુલ્ક/બાકી ચુકવણીઓ, જો કોઇ હોય તેની વસૂલાત કરીને અને રજિસ્ટર પોસ્ટ દ્વારા બેંકના રેકોર્ડ પર હોય તે સરનામાં પર પે ઓર્ડર/ડ્રાફ્ટની ચુકવણી કરીને બાકીની શેષ રકમને રેમિટ કરીને ખાતું બંધ કરી શકે છે. આ જ પ્રમાણે જો બેંક ગ્રાહક ક્રેડિટ સુવિધાઓ પ્રાપ્ત કરતા હોય એવા ખાતાઓમાં ***મંજૂરી આપતા સત્તાધિકારીઓ/આરએમ***ની મંજૂરીની સાથે ખાતું બંધ કરવાનો ઇરાદો ધરાવતી હોય તો ચેતવણીરૂપ સલાહ જારી કરશે.

vi. પેઇ/ધારકોને ક્લિઅરિંગ હાઉસ અથવા ડ્રોઇ બેંક દ્વારા રિટર્ન બેંકને સોંપવામાં આવે તેના આગામી કાર્યના દિવસ સુધીમાં "અપૂરતા ભંડોળ"ને લીધે અનાદર થવાનું કારણ ધરાવતા ચેક રિટર્ન મેમોની સાથે સાથે રિટર્ન થયેલા તમામ ચેક્સ મોકલવામાં આવશે.

vii. રૂ. 1 કરોડ અને તેથી વધુ માટેના દરેક રિટર્ન ચેકનાં અનુસંધાનમાં ડેટા અને સ્ટોક એક્સચેન્જોના પક્ષમાં ડ્રો કરેલા હોય એવા રિટર્ન થયેલા ચેક્સની કોઇ રકમ પક્ષનું નામ, ચેકની રકમ, રિટર્ન થયાનું કારણ, મંજૂર કરેલી સુવિધા અને અત્યાર સુધી રિટર્ન થયાની ઘટનાઓ જેવી વિગતોની સાથે દરેક નાણાકીય ત્રિમાસિક ગાળા માટે ક્યુએસસી (ક્વોટર્લી સ્ટેન્ડિંગ કમિટિ) સમક્ષ રજૂ કરવામાં આવશે.

## 3 મુખ્ય જવાબદારીઓ

**કામગીરીઓ**

i. પેઇ/ધારકોને ક્લિઅરિંગ હાઉસ અથવા ડ્રોઇ બેંક દ્વારા રિટર્ન બેંકને સોંપવામાં આવે તેના આગામી કાર્યના દિવસ સુધીમાં "અપૂરતા ભંડોળ"ને લીધે અનાદર થવાનું કારણ ધરાવતા ચેક રિટર્ન મેમોની સાથે સાથે રિટર્ન થયેલા તમામ ચેક્સ મોકલવામાં આવશે.

ii. ઓપરેશન્સ ટીમ તમામ શાખાઓ માટે રિટર્ન ચેકના ડેટાની દેખરેખ કરશે અને સમાન ખાતામાં અપૂરતા ભંડોળને લીધે નાણાકીય વર્ષમાં રિટર્નની ઘટનાઓને આધારે ગ્રાહકને જોડેલા પિરિશિષ્ટો અનુસાર પત્રો મેકલશે.

## 4 શાસન

### 4.1 માલિકી અને મંજૂરી આપતી સત્તાધિકારી

આ નીતિ ટીએન્ડઓની માલિકી ધરાવે છે અને તેને બોર્ડ અથવા પ્રતિનિધિ સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવે છે. વાસ્તવિક ન હોય, પરંતુ  પ્રાસંગિક કે વહીવટી પ્રકૃત્તિના હોય એવા કોઇ ફેરફારો માટે મંજૂરી આપતી સત્તાધિકારી દ્વારા સાઇન-ઓફ કરવાની આવશ્યકતા હોતી નથી.

### 4.2 વિચલનો

નથી

### 4.3 સમીક્ષા

આ નીતિની સમીક્ષા આવશ્યક ન હોય ત્યાં સુધી, વાર્ષિક ધોરણે કરવી જોઇએ.

| પરિશિષ્ટ 1 | શબ્દાવલિ |
|---|---|

લાગુ થવા પાત્ર નથી

| પરિશિષ્ટ2 | સંબંધિત નીતિઓ અને ધોરણો |
|---|---|

ચેક રિટર્ન – પ્રક્રિયા નોંધ

| પરિશિષ્ટ3 | કોઇ વધારાની માહિતી અથવા સામગ્રીઓ |
|---|---|

નથી

| પરિશિષ્ટ4 | વિચલનો |
|---|---|

| અમલી તારીખ | વિભાગ | દ્વારા એન્ડોર્સ અને એન્ડોર્સમેન્ટ તારીખ | દ્વારા માન્ય અને માન્યતાની તારીખ | વિચલનનું વર્ણન | વિચલનનું કારણ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| પરિશિષ્ટ 5 | આવૃત્તિનો ઇતિહાસ |
|---|---|

| આવૃત્તિ | અંકની તારીખ | મુખ્ય ફેરફારોનો સંક્ષિપ્ત |
|---|---|---|
| 1.0 | | જારી કરેલી નીતિ |
| 2.0 | 29-માર્ચ-2017 | આરબીઆઇએ 26 જૂન, 2003ની તારીખના તેના પરિપત્ર ડીબીઓડી.બીસી.લેગ.નં. 113/09.12.001/2002-03 અને 12 મે, 2014ની તારીખના આરપીસીડી.સીઓ.આરઆરબી.બીસી.નં. 100/03.05.33/2013-14ના ફકરા 11.4(i)એ બેંકોને ચેક સુવિધાની સાથે ખાતાઓની કામગીરી માટેની એક શરત રજૂ કરવાની સલાહ આપી હતી કે નાણાકીય વર્ષ દરમિયાન ખાતામાં પૂરતા ભંડોળના અભાવમાં ચાર પ્રસંગો પર ડ્રોવરનાં વિશેષ ખાતા પર એક કરોડ અને તેથી વધુનાં મૂલ્યના ચેકનાં અનાદરની ઘટનામાં કોઇ નવી ચેક બુક જારી કરવામાં નહીં આવે. આ ઉપરાંત બેંક તેની મનસૂફી પર ચાલુ ખાતાને બંધ કરવાનું વિચારી શકે છે.<br><br>હવે આરબીઆઇ 04, ઓગસ્ટ, 2016ની તારીખના તેના પરિપત્ર નં. ડીબીઆર. નં. લેગ.બીસી 3/09.07.005/2016-17માં ખાતાધારક દ્વારા ચેક્સનાં અનાદરનાં પગલે તેમના પ્રતિસાદને નિર્ધારિત કરવાની બાબત બેંકની પોતાની મનસૂફી પર છોડવામાં આવી છે. |
| 3.0 | 29-ઓગસ્ટ-2018 | પત્રનાં ફોર્મેટ્સમાં ફેરફાર. |
| 4.0 | 26-જૂન-2019 | પ્રથમ અંક (સંપૂર્ણ માલિકીની પેટાકંપની તરીકે ડીબીએસ ઈન્ડિયાની રચના પછી) |